# મૃત્યુ પછીના ક્રિયાકર્મનું શાસ્ત્ર

(Science underlying post-death rites - Gujarati)

---

## ગ્રંથનું મનોગત

માનવીના જન્મથી માંડીને મૃત્યુ સુધી થનારા વિવિધ પ્રસંગોના માધ્યમ દ્વારા તેને ઈશ્વરની સમીપ જવાનું ફાવે, તે માટે હિંદુ ધર્મમાં જુદા જુદા ધાર્મિક સંસ્કારોનું આયોજન કર્યું છે. તેમાંથી મૃત્યુ પછી કરવાના ક્રિયાકર્મ, આ અંતિમ સંસ્કાર છે.

ઘણીવાર મૃત્યુ પછીના ક્રિયાકર્મ એટલે કેવળ ધર્મશાસ્ત્રમાં કહેલા એક ઉપચાર તરીકે અથવા કુટુંબીજનો પ્રત્યેની કર્તવ્યપૂર્તિના એક ભાગ તરીકે કરવામાં આવે છે; મોટાભાગના લોકોને તે કરવાનું મહત્ત્વ અથવા તેની પાછળ રહેલાં શાસ્ત્રની જાણકારી હોતી નથી. એકાદ વ્યક્તિને જો કૃતિ પાછળ રહેલું શાસ્ત્ર સમજાય, તો તેનો તે કૃતિ વિશેનો વિશ્વાસ વધીને, તેમજ તેનું મહત્ત્વ ધ્યાનમાં આવીને તે કૃતિ અધિક શ્રદ્ધાપૂર્વક થાય છે. 'જે કાર્ય શ્રદ્ધાપૂર્વક  કરવામાં આવે છે, તેનું જ પૂર્ણ ફળ પ્રાપ્ત થાય છે', એવું શ્રદ્ધાનું મહત્ત્વ છે. આ દષ્ટિકોણથી જોતાં મૃત્યુ પછીના ક્રિયાકર્મ કરતી વેળાએ તેમાં ભાવભીની શ્રદ્ધા નિર્માણ થાય એ માટે આ લઘુગ્રંથમાં મૃત્યુ ઉપરાંતની વિધિઓ પાછળનું શાસ્ત્ર વિશદ કરવામાં આવ્યું છે.

મૃત્યુ પછીના ક્રિયાકર્મ જો શ્રદ્ધાપૂર્વક અને વિધિસર કરીએ, તો મૃત વ્યક્તિનો લિંગદેહ ભૂલોકમાં અથવા મર્ત્યલોકમાં અટવાઈ જવાને બદલે તેને સદ્‌ગતિ મળીને તે આગળના લોકમાં જઈ શકે છે. તેને કારણે તેના દ્વારા (પૂર્વજો દ્વારા) કુટુંબીઓને ત્રાસ થવાની, તેમજ આવો લિંગદેહ અનિષ્ટ શક્તિઓના નિયંત્રણ હેઠળ જવાની સંભાવના ઓછી થાય છે.

આ લઘુગ્રંથ વાંચીને મૃત્યુ પછીના ક્રિયાકર્મનું મહત્ત્વ હિંદુઓનાં ધ્યાનમાં આવે અને તેમની ધર્મશ્રદ્ધા વધારે દૃઢ થાય, એ જ શ્રી ગુરુચરણોમાં પ્રાર્થના. – **સંકલક**

---

## અનુક્રમણિકા


**સંકલકોનો વૈજ્ઞાનિક દષ્ટિકોણ** — **૫**

**આધ્યાત્મિક પરિભાષામાંની પ્રસ્તાવના !** — **૯**

| | |
|---|---|
| **મનોગત** | ૧૧ |
| ૧. મૃત્યુ સમયે મુખમાં નામ હોવાનું મહત્ત્વ | ૧૩ |
| ૨. મરણાભિમુખ વ્યક્તિની બાબતે કરવાની કૃતિઓ | ૧૫ |
| ૩. મૃત્યુ પહેલાંની સિદ્ધતા (તૈયારી) | ૧૮ |
| ૪. મૃત્યુ પછી ૧૩મા દિવસ સુધી કરવાની કૃતિઓ | ૧૯ |
| ૫. મૃત્યુના દિવસે કરવામાં આવતી કૃતિઓનું શાસ્ત્ર | ૪૪ |
| ૬. મૃત વ્યક્તિએ વાપરેલી વસ્તુઓનું શું કરવું ? | ૬૮ |
| ૭. સૂતક ૮.અસ્થિસંચય અને અસ્થિવિસર્જન | ૭૧ |
| ૯. પિંડદાન | ૭૪ |
| ૧૦. મૃત્યુ પછી ૧૦મા, ૧૨મા અને ૧૩મા દિવસે કરવામાં આવતી વિધિઓનું મહત્ત્વ | ૭૮ |